**મહે.સુરતના ચોથા  અધિક સીવીલ જજ અને  જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટ,સુરત**

**ફો.કે.નં.. 139348–2025**
**આંકઃ–**

**ફરીયાદી–        સરકાર શ્રી**

**વિરૂધ્ધ**

**આરોપી –૧)  ટીંન્કુ ભોલાપ્રસાદ સોનકર**

**<u>કમીટલ હુકમ</u>**

૧.      સદર ગુનાના કામે આરોપી સામે સચીન જી.આઈ.ડી.સી પો સ્ટે. પાર્ટ એ નં.૧૧૨૧૦૦૨૨૩૨૭૩૯/૨૦૨૩ ઈપીકો ૩૦૪,૩૨૩,૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫(૧) મુજબનો ગુનો નોંધાયેલ છે. ત્યારબાદ તપાસકરનાર અમલદારે ઉપરોકત ગુનાનુ ચાર્જશીટ અત્રેની કોર્ટમા દાખલ કરેલ છે. આરોપી સામે ઈપીકો ૩૦૪,૩૨૩,૧૧૪ તથા જી.પી.એકટ કલમ–૧૩૫(૧)  હેઠળના ગુનાનો આક્ષેપ છે જે ગુનો સેશન્સ ટ્રાયેબલ છે. આ સંજોગોમા આરોપીઓ વિરુદ્ધ સદર ગુનાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા નામ.સેસન્સ કોર્ટ, સુરતનાઓને છે જેથી આરોપી સામેનો કેસ સેસન્સ કમીટ કરવાનો રહે છે.

૨.      આમ ફરીયાદ પક્ષના કેસની હકીકત અને ઇન્સાફી કાર્યવાહીની હકુમત લક્ષમાં લઇ  આરોપી સામેનો સદરહુ કેસ સેસન્સ કમીટ કરવા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

આરોપી વિરુદ્ધ સદરહુ કેસ મહે. સેસન્સ કોર્ટમાં કમીટ કરવામાં આવે છે. આ કેસનું અસલ રેકર્ડ નામ. સેસન્સ કોર્ટ, સુરત તરફ મોકલી આપવુ. સદર હુકમની જાણ સુરત જીલ્લાના સરકારી વકીલશ્રીની કચેરીને જાણ કરવી. હવે આરોપીઓને નામ. સેસન્સ કોર્ટ, સુરતનાઓ સમક્ષ હાજર રાખવાનો હુકમ કરવામાં  આવે છે.

હુકમ  આજરોજ તા. ૨૨ સપ્ટેમ્બર  સને ૨૦૨૫ ના રોજ  ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨/૦૯/૨૦૨૫
સ્થળ–સુરત

(શગુન ડી. રાજ)
ચોથા અધિક સીવીલ જજ અને
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,
સુરત
જી.જે.૦૧૬૫૫